

» ન્યૂ યોર્ક સિટીમાં આયોજિત 150માં 'વેસ્ટમિન્સ્ટર કેનલ ક્લબ ડોગ શો યોજાયો હતો જેમાં 'બેસ્ટ ઇન શો' સ્પર્ધા જીત્યા બાદ, ટ્રોફી પાસે ગર્વભેર બેસેલો 'પેની' નામનો ડોબરમેન જાતિનો શ્વાન નજરે પડે છે.

# અનિલ અંબાણી ગ્રૂપ વિરુદ્ધ તપાસમાં વિલંબ બદલ સુપ્રીમની CBI-EDને ફટકાર

**ફ્રોડની** તપાસ માટે SIT રચાશે

**રિલાયન્સ** કોમ્યુનિકેશન્સ પરનું દેવું રૂ. 40,000 કરોડથી વધુ

નવી દિલ્હી, તા. 4 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે બુધવારે અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ (એડીએજી), અનિલ અંબાણી અને તેમની ગ્રુપ કંપનીઓ સામેના અંદાજે રૂ. 40,000 કરોડની કથિત બેંકિંગ અને કોર્પોરેટ છેતરપિંડી મામલે તપાસમાં થઈ રહેલા વિલંબ બદલ નારાજગી વ્યક્ત કરી છે.

ચીફ જસ્ટિસ સૂર્ય કાંતની આગેવાની હેઠળની બેંચે સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને આ મામલે નિષ્પક્ષ, ત્વરિત અને તટસ્થ તપાસ કરવાના નિર્દેશ આપ્યા છે. કોર્ટે ઈડીને આ તપાસને તાર્કિક નિષ્કર્ષ સુધી પહોંચાડવા માટે વરિષ્ઠ અધિકારીઓની એક ખાસ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) રચવા પણ જણાવ્યું છે.

સુનાવણી દરમિયાન, જ્યારે અરજીકર્તા અને ભૂતપૂર્વ અમલદાર ઈ.એ.એસ. શર્માએ અનિલ અંબાણી દેશ છોડીને ભાગી જવાની આશંકા વ્યક્ત કરી, ત્યારે તેમના વકીલ મુકુલ રોહતગીએ ખાતરી આપી હતી કે તેઓ કોર્ટની પરવાનગી વિના દેશની બહાર જશે નહીં. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ પણ કોર્ટને જાણ કરી હતી કે અંબાણી સામે પહેલેથી જ લુક આઉટ સર્ક્યુલર જારી કરવામાં આવેલા છે.

કોર્ટે સીબીઆઈની કાર્યપદ્ધતિની ટીકા કરતા કહ્યું કે, અનેક બેંકોની ફરિયાદો મળી હોવા છતાં એજન્સીએ માત્ર એક જ એફઆઈઆર નોંધી છે, જ્યારે દરેક બેંકની ફરિયાદ અલગ વ્યવહાર ગણાય અને તે મુજબ સ્વતંત્ર એફઆઈઆર નોંધવી જોઈએ.

ઈડીના અહેવાલ મુજબ, રિલાયન્સ કોમ્યુનિકેશન્સ પરનું દેવું રૂ. 40,000 કરોડથી વધુ છે અને અંદાજે રૂ. 20,000 કરોડની રકમ ગુનાથી ઉપજેલી આવક તરીકે આંકવામાં આવી છે. આ સિવાય રિલાયન્સ હોમ ફાઈનાન્સ અને રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સમાં પણ જાહેર ભંડોળના ડાયવર્ઝનના આક્ષેપો છે.

## પેજ 3

## ઉપાસના સિંહનો સિનિયર એક્ટર સાથે જોરદાર ઝઘડો થયો



મુંબઈ, તા. 4: કપિલ શર્મા શોમાં જોવા મળી ચૂકેલી અભિનેત્રી ઉપાસના સિંહે 'કિસ દેશ મેં હૈ મેરા દિલ' અને 'કસૌટી ઝિંદગી કી' જેવા શોમાં જોવા મળી ચૂકેલા સિનિયર એક્ટર દીપક કાઝીર પર બદતમીઝી અને મારપીટ કરવાના આરોપ લગાવ્યા છે. આ મામલો એક ઇવેન્ટ સાથે જોડાયેલો છે, જ્યાં એક્ટર દીપક કાઝીર અને એક્ટ્રેસ ઉપાસના વચ્ચે જોરદાર દલીલ થઈ હતી. આ દલીલ એટલી વધી ગઈ કે ઇવેન્ટમાં કલાકારો વચ્ચે ઉગ્ર ઝઘડો થઈ ગયો. તાજેતરમાં આ ઝઘડાનો એક વીડિયો સામે આવ્યો છે. આ વિવાદ 26 જાન્યુઆરીએ ગણતંત્ર દિવસના એક કાર્યક્રમ દરમિયાન થયો હતો. અભિનેત્રી ઉપાસના સિંહ માઇક પર ભાષણ આપી રહી હતી. તેમની સાથે સિનિયર અભિનેત્રી પૂનમ ધિલ્લોન પણ હાજર હતી.

## શિંદે વિરુદ્ધ ટિપ્પણી કરવા બદલ કુણાલ કામરાને મહારાષ્ટ્ર કાઉન્સિલ પેનલનું તેડું



મુંબઈ, તા. 4 (PTI): મહારાષ્ટ્ર વિધાન પરિષદની વિશેષાધિકાર સમિતિએ ડેપ્યુટી ચીફ મિનિસ્ટર એકનાથ શિંદે વિરુદ્ધ કથિત અપમાનજનક ટિપ્પણી કરવા બદલ સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા અને શિવસેના (યુબીટી) નેતા સુષમા અંધારેને સુનાવણી માટે તેડું મોકલ્યું છે.વિશેષાધિકાર સમિતિના અધ્યક્ષ અને ભાજપના એમએલસી પ્રસાદ લાડે બુધવારે જણાવ્યું હતું કે, કામરા અને અંધારેને 15 દિવસ પહેલા નોટિસ આપવામાં આવી હતી.પ્રસાદ લાડે જણાવ્યું હતું કે, તેમને 5 ફેબ્રુઆરી ને ગુરુવારે બપોરે 2 વાગ્યે સુનાવણી માટે સમિતિ સમક્ષ હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. જોકે, અંધારેએ જિલ્લા પંચાયતની ચૂંટણીના પ્રચારને કારણે હાજર રહેવામાં અસમર્થતા દર્શાવ્યા બાદ સુનાવણી 17 ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવી છે. લાડે કહ્યું કે, ''જો તેઓ બે સમન્સ પછી પણ હાજર થવામાં નિષ્ફળ જશે તો સમિતિ તેમની સામેની કાર્યવાહી અંગે નિર્ણય લેશે.''

# પાકિસ્તાનના ડેપ્યુટી સ્પીકર ડ્રાઈવર!



**અમેરિકામાં** ટેક્સી ચલાવી રહ્યા છે પૂર્વ પાકિસ્તાની ડેપ્યુટી સ્પીકર કાસિમ સૂરી

ઈસ્લામાબાદ, તા. 4: પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાન વર્ષ 2023થી નકલી કેસોમાં જેલમાં બંધ છે. બીજી તરફ, પાકિસ્તાનના ભૂતપૂર્વ ડેપ્યુટી સ્પીકર કાસિમ સૂરીએ પણ પાકિસ્તાન છોડી દીધું છે. તેઓ હવે અમેરિકામાં ઉબર ડ્રાઈવર તરીકે કામ કરે છે. ઈમરાન ખાનને સપોર્ટ કરવા બદલ પાકિસ્તાનમાં તેમને ખૂબ જ નિશાન બનાવવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, કાસિમે ઈમરાન ખાન સામે ચાલી રહેલા નકલી કોર્ટ કેસો અંગે ચિંતા વ્યક્ત કરી છે. 'પીટીઆઈ યુએસએ' દ્વારા પોસ્ટ કરવામાં આવેલા એક વીડિયોમાં કાસિમે જણાવ્યું હતું કે, પાકિસ્તાની સરકારે તેમની સંપત્તિ અને બેંક ખાતા જપ્ત કરી લીધા છે, જેના કારણે તેઓ અમેરિકામાં ઉબર ચલાવી રહ્યા છે. કાસિમે કહ્યું હતું કે, ''અમેરિકામાં ઉબર ડ્રાઈવર તરીકે કામ કરતી વખતે મારે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, પરંતુ ઈમાનદારીથી આજીવિકા કમાવા પર મને ગર્વ છે.''કાસિમ સૂરી 15 ઓગસ્ટ 2018 થી 16 એપ્રિલ 2022 સુધી પાકિસ્તાનની નેશનલ એસેમ્બલીના 19મા ડેપ્યુટી સ્પીકર રહ્યા હતા. સૂરીએ ઈમરાન સરકાર વિરુદ્ધ વિપક્ષના અવિશ્વાસ પ્રસ્તાવને ફગાવી દીધો હતો.

## લિબિયામાં ગદ્દાફીના પુત્ર સૈફ અલ-ઈસ્લામની હત્યા

કેરો, તા. 4 (એપી): લિબિયાના ભૂતપૂર્વ સરમુખત્યાર મુઆમ્મર ગદ્દાફીના પુત્ર અને એક સમયના ઉત્તરાધિકારી ગણાતા સૈફ અલ-ઈસ્લામ ગદ્દાફીની ઉત્તર આફ્રિકાના આ દેશમાં હત્યા કરવામાં આવી છે. લિબિયાના મુખ્ય સરકારી વકીલના કાર્યાલય દ્વારા મંગળવારે આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. 53 વર્ષીય સૈફ અલ-ઈસ્લામની હત્યા રાજધાની ત્રિપોલીથી 136 કિલોમીટર દૂર ઝિન્તાન શહેરમાં કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. પ્રારંભિક તપાસ મુજબ તેમને ગોળી મારવામાં આવી હતી, જોકે હત્યાના ચોક્કસ સંજોગો વિશે હજુ સુધી કોઈ વિગતવાર ખુલાસો કરવામાં આવ્યો નથી. સૈફ અલ-ઈસ્લામની રાજકીય ટીમે એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે, ચાર નકાબધારી શખ્સોએ તેમના ઘરે હુમલો કર્યો હતો અને તેને 'કાયરતાપૂર્ણ અને વિશ્વાસઘાત હત્યા' ગણાવી હતી. હુમલાખોરોએ પુરાવા છુપાવવા માટે ઘરના સીસીટીવી કેમેરા પણ બંધ કરી દીધા હતા. 1972માં જન્મેલા સૈફ અલ-ઈસ્લામે લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં અભ્યાસ કર્યો હતો અને તેમને ગદ્દાફી શાસનના સુધારાવાદી ચહેરા તરીકે જોવામાં આવતા હતા.

# રશિયા-ચીન મિત્રતા: પુતિન અને શી જિનપિંગ વચ્ચે 'વ્યૂહાત્મક' સમજૂતી

**બેઉ** નેતાઓ વચ્ચે વીડિયો કોન્ફરન્સ

**ટેરિફ** વિવાદ અને ગ્રીનલેન્ડના મુદ્દે મડાગાંઠ બાદ અમેરિકાના અનેક સાથી દેશોની ચીન તરફ નજર

બીજિંગ, તા. 4 (એપી): રશિયા પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીનના નેતા શી જિનપિંગ વચ્ચે બુધવારે યોજાયેલી વીડિયો કોન્ફરન્સમાં બંને દેશોએ તેમના આર્થિક અને વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવવાની જાહેરાત કરી છે.

પશ્ચિમી દેશોના નેતાઓ સાથે શી જિનપિંગની ચાલી રહેલી બેઠકો વચ્ચે પુતિને ચીન સાથેની ભાગીદારીને 'વ્યૂહાત્મક' ગણાવી હતી. પુતિને રશિયન ટેલિવિઝન પર પ્રસારિત નિવેદનમાં જણાવ્યું હતું કે, રશિયા અને ચીન સાર્વભૌમત્વ, સુરક્ષા અને પોતપોતાના વિકાસના માર્ગો પસંદ કરવાના અધિકાર માટે પરસ્પર સહયોગ આપતા રહેશે.

નોંધનીય છે કે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ટેરિફ વિવાદ અને ગ્રીનલેન્ડના મુદ્દે મડાગાંઠ સર્જાયા બાદ અમેરિકાના અનેક સાથી દેશો ચીન તરફ નજર દોડાવી રહ્યા છે. બ્રિટન અને કેનેડાના વડા પ્રધાનોની બીજિંગ મુલાકાત બાદ હવે જર્મન ચાન્સેલર પણ ચીન જવાની તૈયારીમાં છે. આ વૈશ્વિક ગતિવિધિઓ વચ્ચે પુતિને ઉર્જા ક્ષેત્રે ચીન સાથેની ભાગીદારીને પરસ્પર ફાયદાકારક ગણાવી હતી. બંને નેતાઓ પરમાણુ ઉર્જાના શાંતિપૂર્ણ ઉપયોગ, ઉદ્યોગ અને અવકાશ સંશોધન જેવા હાઈ-ટેક પ્રોજેક્ટ્સમાં સહકાર વધારવા સંમત થયા છે.

### જિનપિંગે પુતિન બાદ ટ્રમ્પ સાથે વિવિધ મુદ્દે ફોન પર વાત કરી

બીજિંગ, તા. 4 (પીટીઆઈ): ચીની પ્રમુખ શી જિનપિંગે બુધવારે રશિયાના પ્રમુખ પુતિન સાથે ચર્ચા કર્યા બાદ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ટેલિફોનિક મંત્રણા કરી હતી. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર આ વાતચીતને અત્યંત હકારાત્મક ગણાવતા કહ્યું કે, તેમની અને જિનપિંગ વચ્ચેના વ્યક્તિગત સંબંધો ખૂબ જ સારા છે અને બંને તેને જાળવી રાખવા માંગે છે. આ લાંબી વાતચીતમાં ટ્રમ્પે ઈરાનની સ્થિતિ, વેપાર અને તાઈવાન જેવા જટિલ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી, સાથે જ એપ્રિલમાં તેમની સંભવિત ચીન મુલાકાતનો પણ ઉલ્લેખ કર્યો હતો. જોકે, ચીનના નિવેદનમાં આ મુલાકાતનો કોઈ ઉલ્લેખ કરાયો નથી.પરમાણુ શસ્ત્ર મર્યાદા નક્કી કરતા 'ન્યૂ સ્ટાર્ટ' કરારની મુદત પૂરી થઈ રહી હોવાથી ટ્રમ્પે ચીનને પણ આ નવા કરારમાં સામેલ થવા આગ્રહ કર્યો હતો. તાઈવાન મુદ્દે ચીને કડક વલણ અપનાવતા કહ્યું કે, તે ક્યારેય તાઈવાનને અલગ થવા દેશે નહીં. આ મંત્રણા એવા સમયે થઈ છે જ્યારે અમેરિકા 50 દેશો સાથે મળીને ધરતીના દુર્લભ ખનીજો પર ચીનના એકાધિકારને તોડવા માટે વ્યૂહરચના ઘડી રહ્યું છે.


કર્ણાટક સિલ્ક ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.
(કર્ણાટક સરકારનું ઉપક્રમ)
૩જી અને ૪થી માળ, પબ્લિક યુટિલિટી બિલ્ડીંગ, એમ.જી. માર્ગ
બેંગલુરુ - 560 001. ફોન : 080-25586550 / 25586402
ઈ-મેલ : info@ksicsilk.com

નંબર KSIC/PD/GL-72/01/2025-26 તારીખ : 02.02.2026

ગોલ્ડ લેસ સપ્લાય માટે ટેન્ડર
(ફક્ત કેપીપી પોર્ટલ દ્વારા)

કેએસઆઈસી, સિલ્ક વીવિંગ ફેક્ટરી, મૈસુર માટે એક વર્ષના સમયગાળા માટે 35,700 માર્ક્સ ગોલ્ડ લેસના સપ્લાય માટે પ્રતિષ્ઠિત ઉત્પાદકો પાસેથી કેપીપી પોર્ટલ દ્વારા ટેન્ડર મંગાવવામાં આવ્યા છે.
ટેન્ડર દસ્તાવેજો, સૂચનાની વિગતો, સમયપત્રકની શરતો અને શરતો https://kppp.karnataka.gov.in પરથી ડાઉનલોડ કરી શકાય છે.23.02.2026 ના રોજ બપોરે 3.30 વાગ્યે પ્રી-બિડ મીટિંગ યોજાશે. કેપીપી પોર્ટલ દ્વારા રૂ. 5,00,000/- ના ઈએમડી સાથે ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તારીખ અને સમય 02.04.2026 બપોરે 3.00 વાગ્યા સુધી છે અને ટેકનિકલ બિડ 04.04.2026ના રોજ બપોરે 03.30 વાગ્યે ખોલવામાં આવશે.
વધુ વિગતો કામકાજના કલાકો દરમિયાન અન્ડરસાઈન્ડની ઓફિસમાંથી અથવા કેપીપી પોર્ટલ હેલ્પડેસ્ક - 080- 46010000, 080-68948777 પરથી મેળવી શકાય છે.

DIPR/CP/JA/5291/2025-26 એસડી/- જનરલ મેનેજર (પ્રોક)



શું તમે કમર, ઘુંટણ અને સાંધાના અસહ્ય દુ:ખાવાથી છુટકારો મેળવવા મુંબઈ કે અમદાવાદ જવા વિચારી રહ્યા છો ?

વિશ્વ સ્તરની આધુનિક સારવાર હવે સુરતમાં ઉપલબ્ધ... સુરતની સાંઈ ફિઝીયોથેરાપીમાં ઈ.સ. 2014થી ડોક ટેબલ (કમરની સારવાર) થકી હજારો દર્દીને દુ:ખાવાથી મુક્તિ.
આ સફળ ટ્રીટમેન્ટ બાદ ડોક ટેબલ (ઘુંટણની સારવાર) 2025માં લાવી ડૉ. નરેશ ચોઈથાનીની એક નવી પહેલ

દક્ષિણ ગુજરાતમાં સૌપ્રથમવાર

25 વર્ષનો અનુભવ, 75,000 થી વધુ દર્દીઓ (કમર અને ઘુંટણની) સારવાર લઈ સામાન્ય જીવન જીવી રહ્યા છે.
હંમેશા અમો નવી ટેકનોલોજી દ્વારા સારવાર કરી રહ્યા છે.
કન્સલટેશન ચાર્જ - ₹~~500~~ ₹200

DR. NARESH CHOITHANI
First Physiotherapist in India Certified for Doc Table from Singapore 2015

આધુનિક રોબોટિક ફિઝીયો ક્લિનિક
ન્યુરો રોબોટીક ટ્રીટમેન્ટ સાથે મેડિકલ જીમ ફેસીલીટી તેમજ લેસર ટ્રીટમેન્ટ પણ ઉપલબ્ધ.
જમવા રહેવાની સુવિધા ઉપલબ્ધ


પ્રદિપભાઈ નાવિક

દાંડી ગામના અગ્રણી અને સમાજસેવક 65 વર્ષિય શ્રી પ્રદિપભાઈ નાવિક છેલ્લા ઘણા વર્ષોથી પગ અને કમરની સમસ્યાથી પીડાઈ રહ્યા હતા. આ દરમિયાન તેમણે અનેક તબીબોને બતાવ્યું, તેમણે રિપોર્ટ કઢાવ્યા, નિદાન થયું કે કમરની ગાદી ખસી ગઈ હતી અને પગની નસ દબાય છે, ઘણીબધી સારવાર કરાવ્યા બાદ પણ કોઈ ખાસ ફરક પડ્યો નહીં. એક દિવસ એમના સંબંધી ઘરે આવ્યા અને તેમણે કહ્યું કે ચાલો આપણે રાંદેરમાં ડો. નરેશ સાહેબને બતાવી દઈએ, ત્યારબાદ ડો. નરેશ ચોઈથાનીએ એમને તપાસ્યા બાદ સારા થવાની ખાતરી આપી.

ડો.નરેશની સારવાર પૂર્વે મને કમરમાં અસહ્ય દુ:ખાવો હતો, બંન્ને પગ કમરની નીચેથી જુઠા પડી ગયા હતા અને ઘુંટણમાં પણ તકલીફ અને ચાલવામાં મુશ્કેલી પડી રહી હતી. ડૉ. નરેશ ચોઈથાની જેમને 25 વર્ષનો બહોળો અનુભવ છે, એમની ચમત્કારિક સારવાર થકી આજે હું ચાલી પણ શકુ છું અને વિદેશ યાત્રા પણ કરી રહ્યો છું. થેન્ક યું ડૉ. નરેશ સાહબ. ડૉ. નરેશ સાહેબે મારી દુનિયા જ બદલી નાખી.







સાંઈ ફિઝીયોથેરાપી & ફિટનેસ ક્લિનિક
19-20, શ્રી રંગ સોસાયટી, પાલનપુર પાટીયા, ગણેશ મંદિરની પાસે, રાંદેર રોડ, સુરત.
મળવાનો સમય : સવારે 8 થી 1 / સાંજે 4 થી 8
▸ ફોન પર માત્ર એપોઈન્ટમેન્ટ આપવામાં આવશે ▸ વધુ વિગત જાણવા માટે ક્લિનિક પર મળવું
Ph : 0261-2761600
Mo : 91049 71600, 91047 31600